**<u>રે.દિ.મુ.નં.૨૧/૨૦૨૩ ના કામે આંક– ૫ ની મનાઈ અરજી તથા આંક: ૨૦ થી રજુ થએલ કાઉન્ટર મનાઈ અરજીના કામે સંયુકત હુકમ</u>**

(૧) વાદીએ હાલની દાવા અરજી દાખલ કરી દાદ ના પેરામાં પ્રતિવાદીઓ વિરુધ્ધ વાદગ્રસ્ત મીલ્કતની જાહેરાત તથા કાયમી મનાઈ હુકમ તથા રેવન્યુ રેકર્ડમાંથી પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામ દુર કરવાની માંગણી કરેલ છે.

આંક : ૫ ની અરજીથી સી.પી.સી. ઓર્ડર – ૩૯, રૂલ ૧,૨ તથા કલમ : ૧૫૧ મુજબ વચગાળાના મનાઈ અરજીના પેરા : ૮ માં વાદગ્રસ્ત જમીનમાં પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓ નો કોઈ લાગ ભાગ હીસ્સો આવેલ નથી, અંતરાય કરે કરાવે નહી, રેવન્યું રેકર્ડ માંથી નામ દુર કરવામાં આવે તેવો કામચલાઉ મનાઈ હુકમ આપવાની માંગણી કરતી અરજી ગુજારેલ છે.

પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓ દવારા આંક : ૧૮ થી કાઉન્ટર દાવા અરજી તથા આંક : ૨૦ વચગાળાની કાઉન્ટર મનાઈ અરજી દાખલ કરેલ છે. કાઉન્ટર દાવા અરજીના કામે દાદ ના પેરામાં પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓ કાયદેસરની સીધી લીટીના વારસદારો હોવાનુ, વાદગ્રસ્ત જમીનમાં તેમનો કબજો ભોગવટો હોવાનુ અને અન્ય કોઈ ઈસમનુ હક હીત નહી હોવાનુ તથા વાદીઓ તેમના કબજા ભોગવટામાં અડચણ અંતરાય કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ આપવા તથા આંક : ૨૦ થી રજુ થયેલ વચગાળા ની મનાઈ અરજી ના પેરા : ૮ માં વાદીઓ પ્રતિવાદીના વાદગ્રસ્ત જગ્યાના કબજા ભોગવટામાં અડચણ, અંતરાય, અટકાયત કરે કરાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ આપવાની દાદ માંગેલ છે.

(૨) વાદીની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, ખાનપુર તાલુકાના નરોડા મુકામે વાદીઓની માલીકીની તથા કબજા ભોગવટાની ખાતા નં.૧૧૯, રે.સ.નં. ૨૫૫,જેનો હે.આરે.ચો.મી. ૧–૩૭–૧૫, વાળી જમીન વાદીઓના પરદાદા ભુરાભાઈ

લાલાભાઈની કબજા ભોગવટા અને માલીકીની આવેલી જેમાં કુવો, મકાન તથા પશુઓ સહીત જમીનમાં ખેડ ખાતર કરી જીવન નિર્વાહ કરતા હોવાનું તથા મોજે નરોડા ગામે નોંધ નં.૨૨૮ થી વાદીઓના પરદાદા મછાર ભુરાભાઈ લાલાભાઈની માલીકીની જમીન આવેલ અને આ જમીનમાં મછાર ગોબરભાઈ મોતીભાઈ વાદીઓના કુટુંબી હોય અને તેઓ સગીર હોય, નોંધ નં.૨૨૮ થી મછાર ગોબરભાઈ મોતીભાઈના વાલી તરીકે મછાર ભુરાભાઈ લાલાભાઈ નુ નામ દાખલ થયેલ. તેમજ રે.સ.નં.૨૫૫ વાળી મિલકત ના મછાર ભુરાભાઈ લાલાભાઈ માલીક હતા.

મછાર ગોબરભાઈ મોતીભાઈ સગીર હોય, સગીરના વાલી તરીકે વાદીઓના પરદાદા ભુરાભાઈ લાલાભાઈ નુ નામ દાખલ થયેલ. ગોબરભાઈ મોતીભાઈ તા.૦૪/૧૧/૨૦૧૦ ના રોજ નિ:શંતાન અવસાન પામેલ હોય, આ મિલકત અંગે કોઈ વારસાઈ કરાવેલ નહી.

વાદગ્રસ્ત મિલકતમાં મછાર ગોબરભાઈ મોતીભાઈ નિ:શંતાન અવસાન પામેલ હોય, વાદીઓના પિતા તથા વાદીઓએ તેમની સેવા ચાકરી કરેલ હોય પંચો રૂબરુ મૌખિક વિલ થી વાદગ્રસ્ત જમીનમાં વાદીઓ ખેડ ખાતર કરે છે.

તા.૨૭/૦૭/૨૦૨૩ ના રોજ નોંધ નં.૩૪૦૯ થી ડામોર મોતલીબેન ગોબરભાઈ તથા બીજા પાંચ વ્યકિતઓની કાચી નોંધ વાદગ્રસ્ત જમીનમાં પાડવામાં આવેલ જે કામે વાદીઓએ વાંધા અરજી મામલતદાર કચેરીમાં આપેલી. મોતલીબેન ગોબરભાઈ ડામોર નાઓએ ખોટા કાગળો ઉભા કરી ખોટી રીતે વારસાઈ કરાવેલ છે. મોતલીબેન ની તપાસ કરતા તેમના પિતાનુ ઘર જીતપુર મુકામે આવેલ નથી. મામલતદાર કચેરી બાકોર માં નોંધ નં.૩૪૦૯ ની કાચી નોંધના કાગળો મેળવતા મોતલીબેને તા.૨૮/૦૬/૨૦૨૩ ના રોજ નોટરી રૂબરુ સોગંદનામુ કરાવેલ, જેમાં તેઓ તથા તેમના વારસદાર મોજે ગામ જીતપુર, તા.માલપપુર, જી.અરવલ્લી માં રહેવા ગયેલ હોવાનુ અને આધાર કાર્ડમાં મછાર ની જગ્યાએ અટક બદલી ડામોર અટક કરાવેલ હોવા બાબતેનુ ખોટુ સોગંદનામુ રજુ કરેલ છે. તા.૨૨/૦૬/૨૦૨૩ ના રોજ નોટરી રૂબરુ ખોટુ પેઢીનામા બાબતેની સોગંદનામુ કરેલ

છે અને તે સોગંદનામામાં તેમનો દીકરો ડામોર જેસાજી ગોબરભાઈ તા.૨૬/૦૧ /૨૦૦૮ ના રોજ મરણ પામેલ હોવાનુ અને તેઓના વારસદાર પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામ પેઢીનામા માં દર્શાવેલ તેમજ ડામોર જેસાજી ગોબરજી મરણનો દાખલો તા.૦૭/૧ ૦/ ૨૦૦૮ નો રજુ કરેલ અને તેઓના પિતા ગોબરજી લાલાજી ડામોર દર્શાવેલ.

પ્રતિવાદી નં : ૩ થી ૬ નો ગોબરભાઈ મોતીભાઈ મછારના વારસો નથી તેમજ મરણના દાખલામાં ગોબરભાઈ મોતીભાઈ ડામોર તા.૨૬/૦૧/૨૦૦૮ ના રોજ જણાવેલ છે તેમજ મોતલીબેન તે મછાર ગોબરભાઈ મોતીભાઈ ની પત્ની નથી અને ખોટા સોગંદનામા અને ખોટુ પેઢીનામુ બનાવી વાદગ્રસ્ત જમીન રેવન્યુ સર્વે નં. ૨૫૫ માં કાચી નોંઘ નં. ૩૪૦૯ થી રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરાવી દીઘેલ છે. ગોબરભાઈ મોતીભાઈ મછાર નિ:શંતાન અવસાન પોમેલ છે તેમજ તેઓ નરોડા મુકામે કયારે રહેલ નથી અને પ્ર તિવાદીઓ દવારા વાદગ્રસ્ત જમીનમાં ખોટી રીતે નામ દાખલ કરાવી દીઘેલ હોય અને વાદીઓનો વાદગ્રસ્ત જમીનમાં માલીકી હકકે કબજો ભોગવટો હોય વાદી તેમનો પ્રથમ દર્શિનીય કેસ હોવાનુ પુરવાર કરી શકેલ છે. વાદગ્રસ્ત જગ્યામાં પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓ દવારા ખોટી રીતે રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરાવી વાદગ્રસ્ત જમીન વેચાણ કરવાની પ્રવૃતિ કરી રહેલ હોય અને રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે તેમનુ નામ દાખલ હોય, સગવડતાની સમતુલા અને નાણા થી ન મુલવી શકાય તેવુ નુકશાન વાદીને થાય તેમ હોય વાદગ્રસ્ત જગ્યામાં પ્રતિવાદીઓનો હક હિસ્સો આવેલ નહી હોવાનુ તથા વાદી ઓના કબજામાં અંતરાય કરે કરાવે નહી તથા વાદગ્રસ્ત જગ્યાના રેવન્યુ રેકર્ડમાં ફેરફાર કરે કરાવે નહી તેઓ કામચલાઉ મનાઈ હુકમ આપવાની માંગણી કરેલ છે.

(૩) હાલની દાવા અરજી તથા મનાઈ અરજીના કામે પ્રતિવાદી ઓને નોટીસ કાઢવાનો હુકમ કરતાં, તમામ પ્રતિવાદીઓને ઘોરણસર નોટીસ ની બજવણી થતા પ્રતીવાદી ઓ તેમના વકીલ શ્રી. સાથે હાજર થયેલ છે.

આંક : ૧૭ થી પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓ તરફે દાવા અરજી તથા મનાઈ અરજી નો સંયુકત જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદીઓ ઘ્વારા રજુ કરેલ જવાબમાં વાદી ને દાવો

કરવાનુ કારણ ઉપસ્થીત થયેલ નહી હોવાનુ અને દાવા અરજીની તમામ હકીકતો ખોટી હોવાનુ જણાવી, રે.સ.નં. ૨૫૫ માં પ્રતિવાદીઓનો વારસાઈ હકક થી કબજો ભોગવટો હોવાનુ તથા પ્રતિવાદી નં.૧ ના પતી જે તે સમયે સગીર હોય અને વાદીઓના દાદા તેમના પતીની દેખભાળ તથા ઉછેર કરેલ હોવા માત્ર થી વાદીઓ કે તેમના વડીલ વાદગ્રસ્ત જગ્યા ના માલીક તેમજ કબજેદાર બની જતા નથી. પ્રતિવાદીઓ બહાર ગામ વસવાટ કરતા હોવાથી વાદીઓએ મરણજનાર ગોબરભાઈ ને નિ:શંતાન જણાવેલ છે. રેવન્યુ રેકર્ડ માં નોંધ નં.૩૪૦૯ થી પ્રતિવાદી નં. ૧ થી ૬ ના નામ ચાલી રહેલ હોય વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ચાલવા પાત્ર નહી હોય ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

દાવા અરજીના કામે પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓ દવારા કાઉન્ટર કલેઈમ આંક : ૧૮ થી દાખલ કરેલ છે જેની અંદર વાદગ્રસ્ત જમીન ખાતા નં.૧૧૯, રે.સ.નં.૨૫૫ માં રેવન્યુ રેકર્ડે પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામ દાખલ હોવાનુ અને નોંધ નં.૨૨૮, તા.૨૬/૦૨/૧૯૫૩ થી પ્રતિવાદી નં.૧ ના પતીનો કબજો ભોગવટો હોવાનુ અને હાલમાં પ્રતિ વાદી નં.૧ થી ૬ નો કબજે ભોગવટો હોય અને વાદીઓ પ્રતિવાદીઓના પારીવારી કે કૌટુબીક સબંધમાં નહી હોય અને પ્રતિવાદીઓ બહાર ગામ રહેતા હોય હાલની કાઉન્ટર દાવા અરજી દાખલ કરી પેરા : ૭ માં પ્રતિવાદીઓ વાદગ્રસ્ત જમીનમાં સીધી લીટી ના વારસદાર હોવાનું તથા વાદગ્રસ્ત જમીન પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં આવેલ હોવાની તથા વાદીઓનો કોઈ હક અધીકાર નહી હોવાનુ જાહેર કરવા તથા પ્રતિવાદી ઓના કબજા ભોગવટામાં વાદીઓ અડચણ કે અંતરાઈ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ આપવા તથા અન્ય સમન્યાચી દાદ આપવા તથા આંક.૨૦ થી રજુ કરેલ મનાઈ અરજીના પેરા : ૮ માં વાદીઓ કે તેમના મળતીયા પ્રતિવાદીઓના કબજા ભોગવટા માં અડચણ અટકાયત કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ આપવાની માંગણી કરેલ છે.

(૪) પ્રતિવાદી નં.૭ અને ૮ નાઓ દવારા આંક.૨૪ થી લેખીત જવાબ રજુ કરી તેમાં એવી હકીકત જણાવેલ છે કે, વાદીઓ દવારા સી.પી.સી. કલમ : ૮૦ મુજબ ની નોટીસ

આપેલ નથી. દાવા અરજી ચલાવવાની આ કોર્ટને હુકમત નથી. વાદીએ દાવા અરજીમાં જે કંઈ કથન કરેલ છે તથા નોંધ સબંધે જે હકીકત જણાવેલ છે તે વાદીએ પુરવાર કરવાનુ રહે છે. વારસાઈ નોંધ નં.૩૪૦૯, તા.૨૭/૦૭/૨૦૨૩ ના રોજ રેવન્યુ વિભાગના કર્મચારી દવાર નિયમ મુજબની કાર્યવાહી કરી નોંધ પાડવામાં આવેલ છે અને વારસાઈથી પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામ દાખલ કરવામાં આવેલ છે. મછાર ગોબરભાઈ મોતીભાઈ મરણ પામેલ હોય તેમના વારસો દવારા નોટરી રૂબરુ સોગંદનામુ કરી પેઢીનામુ તેમજ સોગંદનામુ રજુ કરેલ હોય નોંધ પાડતા પહેલા નિયમ મુજબની કાર્યવાહી કરી નોંધ પાડવામાં આવેલ છે. નોંધ કાયદેસર છે કે કેમ, તેનો નિર્ણય કરવાની સત્તા તેમની નહી હોય વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ થવા પાત્ર હોવાનુ જણાવેલ છે.

(૫) આંક : ૩૪ થી વાદી તર્ફે કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. આંક.૩૫ થીપ્રતિવાદી તર્ફે રજુ કરેલ આંક : ૧૮ ની કાઉન્ટર દાવા અરજી તથા આંક : ૨૦ થી રજુ કરેલ કાઉન્ટર મનાઈ અરજીનો સંયુકત લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં ઉપરોકત પેરામાં દાવા અરજી તથા મનાઈ અરજીના કામે જે હકીકત જણાવેલ છે તે સાચી હોવાનુ તથા પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓ તથા પ્રતિવાદીનં. ૭ અને ૮ નાઓએ નોંધ પ્રમાણિત કરવા માટે જે કાર્યવાહી કરવાની હોય તે નિયમ મુજબ કરેલ નથી. પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓ દવારા રજુ કરેલ ખોટા દસ્તાવેજોની ચકાસણી કર્યા વગર ફેરફાર નોંધ નં. ૩૪૦૯ પાડેલ છે. વાદગ્રસ્ત જગ્યામાં વાદીનો કબજો ભોગવટો છે અને ઘર બનાવી પરીવાર સાથે રહી ખેતી કામ કરી પોતાનુ જીવન નિર્વાહ ચલાવે છે તેમજ પંચાયત દફતરે વેરો ભરે છે અને વીજળી કનેકશન પણ ધરાવે છે વાદગ્રસ્ત જગ્યામાં પશુપાલન તથા સીઝનલ ખેતી કરી તેમનુ જીવન નિર્વાહ કરતા હોય, વાદી તેમનો પ્રથમ દર્શનિય કેસ હોવાનુ પુરવાર કરી શકેલ છે.

પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓ અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના જીતપુર (ટીંબા ફળીયુ) ના કાયમી રહીશ છે અને ત્યાંના દસ્તાવેજો ધરાવે છે. પ્રતિવાદી નં.૧ ના પતિનું નામ જેશાજી ગોબરજી લાલાજી ડામોર છે અને પ્રતિવાદી નં.૧ તે ગોબરજી

લાલાજી ડામોર ની વિધવા છે અને તેમના પિતાનુ નામ દાદુભાઈ મોતીભાઈ ડામોર છે અને જીતપુર ગામે ગોબરભાઈ મોતીભાઈ મછાર નામની કોઈ વ્યકિત રહેતી નથી. પ્રતિવાદી નં.૧ નાઓ ગોબરજી લાલાજી ડામોરની વિધવા હોવા છતા ખોટી રીતે ખોટા દસ્તાવેજો તથા સોગંદનામાં ઉભા કરી, ખોટી રીતે રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓએ તેમના નામ દાખલ કરાવી દીધેલ હોય, વાદગ્રસ્ત જમીન નો કબજો મેળવવા પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓ બળ કે હિંસાનો ઉપયોગ કરે તો અથવા રેવન્યુ રેકર્ડમાં નામ ફેર કરે કરાવે તો વાદીને નાણા થી ન મુલવી શકાય તેવુ નુકશાન તથા સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં હોય વાદીની મનાઈ અરજી માં માગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓની કાઉન્ટર મનાઈ અરજી તથા કાઉન્ટર દાવા અરજી રદ થવા પાત્ર થવાનુ જણાવે છે.

(૬) વાદી તર્ફે હાલની અરજીના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ આંક : ૩, આંક : ૩૬ તથા આંક : ૩૯ ના દસ્તાવેજી લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અનુ.નં | વિગત | માર્ક /આંક |
|---|---|---|
| ૧. | નોંધ નં.૨૨૮ ના હક પત્રકની નકલ | ૩/૧ |
| ૨. | વારસાઈ નોંધ પાડવા બાબતેની અરજી તથા રજુ કરેલ દસ્તાવેજોની નકલ. | ૩/૨ |
| ૩ | વારસાઈ નોંધ પાડવા પ્રતિવાદી નં.૧ રજુ કરેલ સોગંદ નામાની નકલ. | ૩/૩ |
| ૪ | મછાર ગોબરભાઈ મોતીભાઈના મરણના દાખલાની નકલ. | ૩/૪ |
| ૫ | નોંધ નં.૩૪૦૯ ના હક પત્રકની નકલ. | ૩/૫, ૩૬/૧૫ |
| ૬ | નોંધ નં.૩૪૦૯ ના વારસાઈ ના હક પત્રકની નકલ | ૩/૬ |
| ૭ | ખાતા નં.૧૧૯ ના ગામ નમુના નં.૮–અ તથા ૭–૧૨ ની નકલ. | ૩/૭ |
| ૮ | ગ્રામ પંચાયત જીતપુર નાઓએ આપેલ દાખલાની નકલ | ૩/૮, ૩૬/૧૧ |
| ૯ | વેરાપાવતીની નકલ | ૩/૯, ૩૬/૧૨ |
| ૧૦ | જેસાજી ગોબરજી ડામોરના મરણના દાખલાની નકલ | ૩૬/૧ |
| ૧૧ | જેસાજી ગોબરજી ડામોરના પેઢીનામાની નકલ | ૩૬/૨ |
| ૧૨ | પંચકયાસની નકલ | ૩૬/૩ |
| ૧૩ | પ્રતિવાદી નં.૧ નાઓનુ સોગંદનામુ | ૩૬/૪ |
| ૧૪ | પ્રતિવાદી નં.૧ નાઓના ચુટણી કાર્ડની નકલ | ૩૬/૫ |

| | | |
|---|---|---|
| ૧૫ | પ્રતિવાદી નં.૨ નાઓના ચુટણી કાર્ડની નકલ | ૩૬/૬ |
| ૧૬ | પ્રતિવાદી નં.૫ નાઓના ચુટણી કાર્ડની નકલ | ૩૬/૭ |
| ૧૭ | પ્રતિવાદી નં.૩ નાઓના ચુટણી કાર્ડની નકલ | ૩૬/૮ |
| ૧૮ | પ્રતિવાદી નં.૬ નાઓના ચુટણી કાર્ડની નકલ | ૩૬/૯ |
| ૧૯ | નવાગામ ગ્રામ પંચાયતનો દાખલાની નકલ | ૩૬/૧૦ |
| ૧૫ | સોમાભાઈ નરસિંહભાઈના નામની વીજબીલની નકલ | ૩૬/૧૩ |
| ૧૬ | સર્વે નં.૨૫૫ માં વાદીનો કબજો ભોગવટો હોવા બાબતેના પંચકરારની નકલ. | ૩૬/૧૪ |
| ૧૭ | નોંધ નં.૬૩ ની હક પત્રકની નકલ | ૩૬/૧૬ |
| ૧૮ | નોંધ નં.૨૨૮ ની હક પત્રકની નકલ | ૩૬/૧૭ |
| ૧૯ | સર્વે નં.૨૫૫ ના ગામ નુમના નંબર ૭–૧૨ ની નકલ | ૩૬/૧૮ |
| ૨૦ | ત્રાહીત સાહેદ રમણલાલ લક્ષ્મણભાઈ મછારનુ સોગંદનામુ | ૪૦ |
| ૨૧ | ત્રાહીત સાહેદ મસુરભાઈ ભાયલાભાઈ મછારનુ સોગંદનામુ | ૪૧ |
| ૨૨ | ત્રાહીત સાહેદ બાાબુભાઈ શંકરભાઈ મછારનુ સોગંદનામુ | ૪૨ |
| ૨૩ | ત્રાહીત સાહેદ પુનાભાઈ સોમાભાઈ મછારનુ સોગંદનામુ | ૪૩ |

(૭) પ્રતિવાદીઓએ હાલની અરજીના નિર્ણય માટે આંક–૧૯ થી દસ્તાવેજી લીસ્ટથી આ કોર્ટ સમક્ષ નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અનુ.નં | વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | નોંધ નં.૨૨૮ ના હકપત્રકની નકલ | ૧૯/૧ |
| ૨. | ખાતા નં.૧૧૯, સર્વ નં.૨૫૫ ગામ નમુના નં.૮–અ ની નકલ | ૧૯/૨ |
| ૩. | ખાતા નં.૧૧૯, સર્વ નં.૨૫૫ ગામ નમુના નં.૭–૧૨ ની નકલ | ૧૯/૩ |
| ૪. | નોંધ નં.૩૪૦૯ ની ગામ નમુના નં.૬ ની નકલ | ૧૯/૪ |

(૮) વાદીના વિ.વ.શ્રી. દવારા આંક.૪૪ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે લેખીત દલીલ માં તથા મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, વાદગ્રસ્ત જગ્યા માં વાદીનો કબજો ભોગવટો છે અને રહેણાંક મકાન, સિંચાય માાટે રીંગ બોર બનાવેલ છે, પશુ પાલન તથા ખેતી કામ કરી જીવન નિર્વાહ કરે છે પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓ તે ગોબરભાઈ મોતીભાઈ મછાર ના કાયદેસરના વારસદાર નથી પણ જીતપુર ગામના ડામોર ગોબરભાઈ મોતીભાઈ ના વારસ છે. ખોટી રીતે, ખોટા દસ્તાવેજો ઉભા કરી રેવન્યુ રેકર્ડમાં કાચી નોંધ દાખલ

કરાવી દીધેલ છે. સર્વે નં.૩૦૧ વાળી મિલકતમાં ફેરફાર નોંધ નં. ૮૮૫ થી કબજા ગીરો ની નોંધ પાડવાથી શરત ચુકથી સ્વ.ગોબર મોતી મછાર તથા સ્વ.ભુરા લાલા મછાર ના નામ રેવન્યુ રેકર્ડમાંથી નીકળી જવા પામેલ ભુરાભાઈ લાલાભાઈ મછારની વારસાઈ અંગેની ફેરફાર નોંધ ૪૩૩ પાડવામાં આવેલ. સ્વ.લાલાભાઈ ભારુભાઈ મછાર, સ્વ. ગોબરભાઈ મોતીભાઈ મછાર, સ્વ.ભુરાભાઈ લાલાભાઈ મછાર એકજ કુટુંબના સભ્ય હોય રેવન્યુ રેકર્ડમાં સંયુકત નામ ચાલતા હતા. સર્વે નં.૨૫૫ ના મુળ માલીક કાળુભાઈ રત્નાભાઈ મછાર અવસાન પામ્યા ત્યારે ગોબરભાઈ સગીર હોય સગીરના વાલી તરીકે ભુરાભાઈનુ નામ દાખલ થયેલ અને ગોબરભાઈ નિ:સંતાન અવસાન પામેલ છે. વાદીઓ ગોબરભાઈ સાથે રહી તેમની સેવા ચાકરી કરેલ અને ગોબરભાાઈ ની હયાતી સમય થી વાદગ્રસ્ત જમીનમાં વાદીઓનો કબજો ભોગવટો હોય અને પ્રતિવાદી નં.૧ થી ૬ દવાર ખોટા દસ્તાવેજો ઉભા કરી, ખોટી રીતે રેવન્યુ રેકર્ડમાં, કાચી નોંધ પડાવેલ છે. વાદગ્રસ્ત જમીનમાં વાદીઓનો સ્વ.ગોબરભાઈ મછાર નાઓનુ હયાતી સમયથી કબજો ભોગવટો હોય વાદી તેમનો પ્રથમ દર્શનિય કેસ હોવાનો પુરવાર કરી શકેલ છે. રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદીઓનુ નામ ચાલતુ હોય ચાલુ દાવાની કાર્યવાહી દરમ્યાન કબજો ભોગવટો મેળવવા બળનો ઉપયોગ કરે કે નામ ફેર કરે કરાવે તો વાદીને નાણા થી ન મુલવી શકાય તેવુ નુકશાન તથા દાવો કરવાનો કોઈ અર્થ રહે નહી અને સગવડતાની સમતુલા પણ વાદી ની તરફેણમાં હોય વાદીની મનાઈ અરજી મંજુર કરવા તથા પ્રતિવાદીની કાઉન્ટર મનાઈ અરજી ના મંજુર કરવા અરજ કરેલ છે.

(૯) પ્રતિવાદી નં.૧ થી ૬ ના વકીલ શ્રી દવારા મૌખીક દલીલ કરી જણાવે છે કે વાદગ્રસ્ત જમીનમાં રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓનુ નામ ચાલતુ હોય અને આ નામ વારસાઈથી દાખલ થયેલ છે અને મામલતદાર કચેરીએ નિયમ મુજબીની કાર્યવાહી કરી પ્રતિવાદી ઓના નામ દાખલ કરેલ હોય પ્રતિવાદીઓ વાદગ્રસ્ત જમીનના માલીક તેમજ કબજેદાર હોય કાઉન્ટર મનાઈ અરજી ના કામે પ્રતિવાદીઓ તેમનો પ્રથમ દર્શનિય કેસ હોવાનું પુરવાર કરી શકેલ છે.વાદગ્રસ્ત જમીનમાં પ્રતિવાદીઓના કબજા ભોગવટા

ને વાદીઓ દવારા અટકાવવામાં આવે તો પ્રતિવાદીઓ તેમનો સ્વતંત્ર માલીકી હકક ભોગવી શકે નહી, જેથી સગવડતા ની સમતુલા અને નાણા થી ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓને થાય તેમ હોય, કાઉન્ટર મનાઈ અરજી મંજુર કરવા અને વાદીઓની દાવા અરજી ના મંજુર કરવા અરજ કરેલ છે.

(૧૦) પ્રતિવાદી નં.૭ અને ૮ ના વિ.વ.શ્રી. દવાર મૌખીક દલીલ કરી જણાવે છે કે, કાચી નોંધ નં.૩૪૦૯ કચેરીના કર્મચારીઓ દવારા નિયમ મુજબની કાર્યવાહી કરી પાડેલ છે. આ નોંધ કાયદેસર છે કે કેમ તે નકકી કરવાની સત્તા નામ. કોર્ટની હોય વાદીની મનાઈ અરજી નામ મંજુર કરવા અરજ કરેલ છે.

(૧૧) ઉપરોકત હકીકતોએ આ કોર્ટ સમક્ષ આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું દાવા અરજીના કામે રજુ કરેલ મનાઈ અરજીમાં વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું પુરવાર કરી શકેલ છે ?

૨. શું સગવળતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાથી ના ભરપાઈ થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે?

૪. શું કાઉન્ટર દાવા અરજીના કામે રજુ કરેલ મનાઈ અરજી માં પ્રતીવાદી તેમનો પ્ર થમ દર્શનીય કેસ હોવાનું પુરવાર કરી શકેલ છે ?

૫. શું સગવળતાની સમતુલા પ્રતીવાદીની તરફેણમાં છે ?

૬. જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો પ્રતીવાદીને નાણાથી ના ભરપાઈ થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે?

૭. શું હુકમ ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

**૧. અંશત: હકારમાં, ૨. અંશત: હકારમાં,**

**૩. અંશત: હકારમાં, ૪. નકારમાં**

**૫. નકારમાં, ૬. નકારમાં**

**૭. આખરી હુકમ મુજબ.**

**::: કારણો :::**

મુદ્દા નંબર ૧ થી ૬ થી એકબીજા સાથે સંકળાયેલ હોઈ તે તમામ મુદ્દાની સંયુકત ચર્ચા પુનરાવર્તન ટાળવાના હેતુથી ભેગી કરવામાં આવેલ છે.

(૧૩) વચગાળાની મનાઈ હુકમની અરજી મંજુર કરવી કે ના–મંજુર કરવી તે અદાલતની વિવેકબુધ્ધીની સત્તા છે પરંતુ આ સત્તાનો ઉપયોગ વ્યાજબી અને કાયદાકિય પ્રસ્થાપિત સિંધ્ધાતોને આધીન રહીને કરવાનો છે.વચગાળાની મનાઈ હુકમની જોગવાઈનો ઉદેશ્ય સામાપક્ષને નુકશાન થાય તે રીતે હળવાશથી આપવાનો રહેતો નથી પરંતુ સામાપક્ષના કોઈ ગેરકાયદેસર કૃત્યથી વાદીને તેના કાયદેસરના હકકો ઉપર આક્રમણ ન થાય તે માટે રક્ષણ આપવાનો છે.સામાન્ય રીતે આવી અરજી મંજુર કરતા અગાઉ અદાલતે ત્રણ આવશ્યક તત્વો પ્રથમદર્શનીય કેસ, સગવડતાની સમતુલા કયા પક્ષ તરફે? અને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન કયા પક્ષને? પુરવાર થયાનો સંતોષ થયો હોવો જોઈએ.

In case of J.M. Patel V/s. D.B. Patel, reported in 2007(1) GLR 79, Hon'ble Gujarat High Court held that, before granting interim injunction the Court require to examine merit of case to

ascertain whether plaintiff has prima-facie case to success or not, the Court cannot ignore material on record and circumstances, - plaintiff need not establish his right or title at this stage, but should have a fair question to be tried, also balance of convenience and irreparable injury. The same view of the fair question to be tried and fair traible issue between the parties to be suit. In other words, it can be also said that prima-facie case means a substantial question raised, bona-fide, which needs investigation and a decision on merits.

(૧૪) આ કામે મનાઈ અરજી તથા કાઉન્ટર મનાઈ અરજીના કામે રજુ થયેલ દાવા અરજી, કાઉન્ટર દાવા અરજી, બંન્ને મનાઈ અરજીની હકીકત વંચાણે લેતા બંને પક્ષે એ હકીકત નિર્વિવાદ છે કે વાદગ્રસ્ત જમીન માં પ્રવર્તમાન સમયમાં રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદી નં.૧ થી ૬ નાઓનું નામ ચાલી રહેલ છે અને નોંધ નં. ૩૪૦૯ થી ગોબરભાઈ મોતીભાઈ મછાર ના વારસદાર ની હેસીયતથી નોંધ પડતા નામ દાખલ કરવામાં આવેલ છે.

(૧૫) વાદીએ મનાઈ અરજીના કામે વાદગ્રસ્ત જમીન ખાનપુર તાલુકાના નરોડા ગામે ખાતા નં.૧૧૯ રે.સ.નં.૨૫૫ જેનુ ક્ષેત્રફળ ૧–૩૭–૧૫ વાળી જમીન ના મુળ માલીક મછાર ગોબરભાઈ મોતીભાઈ નાઓ હોવાનુ અને તેઓ નિ:શંતાન તા.૦૪/૧૧ /૨૦૧૦ ના રોજ મરણ પામેલ હોવાનું તથા પ્રતિવાદી નં.૧, જીતપુર ગામના રહેવાસી છે અને તેઓ નવાગામ ના રહેવાસી દાદુભાઈ મોતીભાઈ ડામોરની દીકરી છે અને તેમના લગ્ન માલપુર તાલુકા ના જીતપુર ગામના રહેવાસી ગોબરજી લાલાજી ડામોર સાથે થયેલ અને પ્રતિવાદી નં.૨ થી ૬ નાઓ ગોબરજી લાલાજી ડામોર તથા પ્રતિવાદી નં.૧ ના લગ્ન જીવનના સહવાસથી થયેલ સંતાનો છે.

વાદગ્રસ્ત જમીન ગોબરભાઈ મોતીભાઈ મછાર નાઓની માલીકીની હોવા છતા પ્રતિવાદી નં.૧, નાઓ દવારા ખોટા સોગંદનામા તથા ખોટા દસ્તાવેજ ઉભા કરી રેવન્યુ

રેકર્ડ માં ખોટી રીતે વારસાઈ થી પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામ વાદગ્રસ્ત જમીનમાં દાખલ કરાવેલ હોવાનું જણાવેલ છે. વાદીપક્ષે રજુ કરેલ દસ્તાવેજ વંચાણે લેતા માર્ક : ૩/૧ થી સને. ૧૯૫૩ માં વાદગ્રસ્ત જમીનમાં મછાર ગોબરભાઈ મોતીભાઈ સગીર હોય તેમના વાલી તરીકે ભુરાભાઈ લાલાભાઈ નુ નામ દાખલ થયેલ હોવા બાબેતો દસ્તાવેજ રજુ છે. વાદી તર્ફે સ્વ. ગોબરભાઈ મોતીભાઈ મછાર નાઓ કયારે અવસાન પામ્યા તે સબંધેનો તેમનો મરણનો દાખલો રજુ કરેલ નથી. માર્ક.૩/૧ નો દસ્તાવેજ ધ્યાને લેતા વાદગ્રસ્ત જમીન ગોબરભાઈ મોતીભાઈ મછાર નાઓની માલીકી ની હોવાની જણાઈ આવે છે. વાદી ના કહેવા મુજબ ગોબરભાઈ મોતીભાઈ મછાર તા.૦૪/૦૧/૨૦૧૦ ના રોજ અવસાન પામેલ છે. વાદી પક્ષે માર્ક : ૩/૨ થી પ્રતિવાદી નં.૧ નાઓ દવારા વારસાઈ હકકે નામ દાખલ કરવા અરજી કરેલ તે અરજી તથા અરજી સાથે રજુ કરેલ સોગંદનામુ, પેઢીનામુ, ગોબરભાઈ મછારનો મરણનો દાખલો, ૧૩૫(ડી) ની નોટીસ ના દસ્તાવેજો રજુ કરેલ છે. જે દસ્તાવેજોની અંદર મોતલીબેન ગોબરભાઈ ડામોર તે મછાર ગોબરભાઈ મોતીભાઈ ના વિધવાની હેસીયત થી અરજી દાખલ કરેલ અને તે અરજીના કામે પ્રતિવાદી નં.૭ અને ૮ નાઓ દવારા કાર્યવાહી પુર્ણ કરી રેવન્યુ રેકર્ડમાં કાચી નોંધ પાડેલ અને તે નોંધ આધારે વાદગ્રસ્ત જમીનમાં પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામ દાખલ થએલ છે. વાદગ્રસ્ત જમીનમાં પ્રતિવાદી નં.૧ થી ૬ ના નામ ખોટી રીતે અને ખોટા દસ્તાવેજો ઉભા કરી દાખલ કરવામાં આવેલ છે તેનો નિર્ણય વિસ્તૃત પુરાવો રજુ થયા પછી થઈ શકે તેમ હોઈ, તેની ચર્ચા હાલના તબકકે કરવી આવશ્યક જણાતી નથી.

(૧૬) વાદી દવારા માર્ક : ૩/૯ થી પંચાયત વેરો, માર્ક : ૩૬/૧૩ થી વાદીના નામનુ વીજ કનેકશન બીલ, માર્ક : ૩૬/૧૪ થી તા.૧૮/૦૯/૨૦૨૪ ના રોજ નોન જયુડીશીયલ સ્ટેમ્પ કરેલ પંચો રૂબરુ નુ લખાણ રજુ કરેલ છે. જે લખાણની અંદર ગામના પંચો દવારા વાદગ્રસ્ત જગ્યા સર્વે નં. ૨૫૫ માં વાદીઓનો કબજો ભોગવટો હોવાનુ અને ખેતી કામ કરતા હોવાની વિગત દર્શાવવામાં આવેલ છે. આંક : ૪૦ થી રમણ ભાઈ લક્ષ્મણભાઈ મછાર, આંક : ૪૧ થી મસુરભાઈ ભાયલાભાઈ મછાર, આંક : ૪૨ થી

બાબુભાઈ શંકરભાઈ મછાર, આંક : ૪૩ થી પુનાભાઈ સોમાભાઈ મછાર નાઓના સોગંદનામા રજુ છે જે તમામ સોગંદનામા ની અંદર સર્વે નં. ૨૫૫, માં વાદીઓનો કબજો ભોગવટો હોવાનુ, તેમના રહેણાંક મકાન ધરાવી રહેતા હોવાનુ, ખેતી કામ તેમજ પશુપાલ કરતા હોવાનુ અને સિંચાઈ માટે બોર તથા વીજ કનેકશન ધરાવતા હોવાની વિગત દર્શાવેલ છે. પ્રતિવાદી દવારા રેવન્યુ રેકર્ડમાં તેમનુ વાદગ્રસ્ત જમીનમાં નામ ચાલી રહેલ હોવાનુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા થી રેકર્ડ પર રજુ કરેલ છે. વાદગ્રસ્ત જગ્યા માં પ્રતિવાદીઓનો કબજો ભોગવટો હોય તે સબંધેનો કોઈ પુરાવો પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓ દવારા રજુ કરેલ નથી. આંક : ૩૦ થી કોર્ટ કમિશ્નર દવારા સ્થળ પર પંચનામુ કરવામાં આવેલ તે દસ્તાવેજ રજુ છે જેમાં માર્ક : ૩૦/૨ થી રજુ થયેલ પંચનામાની વિગત મુજબ સ્થળ પર વાદીઓના નામ લખેલ બોર્ડ જોવા મળેલ હોવાનુ, વાદીઓના ઘર તેમજ પશુઓ માટેનો શેડ બનાવેલ હોવાનુ ,ખેતરમાં તુવેર તથા મકાઈની વાવતેર કરેલ હોવાનુ, અને ખેતી કામ માટે પાણીનો બોર બનાવેલ હોવાનુ અને વાદીઓના નામનુ વીજ કનેશન હોવાનુ સ્થળ પર જોવા મળેલ હોવાની વિગત દર્શાવેલ છે.

(૧૭) આમ, વાદી પક્ષે રજુ કરેલ દસ્તાવેજ ધ્યાને લેતા વાદગ્રસ્ત જગ્યામાં વાદીઓનો કબજો ભોગવટો હોવાનુ વાદી મનાઈ અરજીના તબકકે પ્રથમ દર્શનિય પુરવાર કરી શકેલ હોય વાદી તેમનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ પુરવાર કરી શકેલ છે. ચાલુ દાવા અરજીના કામે રેવન્યુ રેકર્ડના આધારે નામ ફેર કરી વાદીનો કબજા ભોગવટામાં અંતરાય કે અડચણ કરવામાં આવે કે દુર કરવામાં આવે તો વાદીને દાવા અરજી કરવાનો કોઈ હેતુ રહે નહી તેમજ પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓ વાદગ્રસ્ત જગ્યાના કબજા ભોગવટામાં છે તેવુ મનાઈ અરજી ના તબકકે કોર્ટના રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નહી હોય સગવડતાની સમતુલા અને નાણાથી ના મુલવી શકાય તેવુ નુકશાન વાદીને થાય તેમ હોય, વાદીની મનાઈ અરજી અંશત: મંજુર કરી, પ્રતિવાદીની કાઉન્ટર દાવા અરજી ના કામે રજુ કરેલ મનાઈ અરજી નામંજુર કરવી ન્યાયીક જણાઈ આવતુ હોય, મુદ્દા નં. ૧ થી ૩ નો નિર્ણય અંશત: હકારમાં તથા મુદ્દા નં.૪ થી ૬ નો નિર્ણય નકારમાં તથા મુદ્દૃ નં.૭

 **રે.દિ.મુ.નં. ૨૧/૨૦૨૩**

અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:::: હુકમ ::::**

- વાદી ની આંક : ૫ ની મનાઈ અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

- પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓની આંક.૫ ની કાઉન્ટર મનાઈ અરજી ના મંજૂર કરવામાં આવે છે.

- પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓને આદેશ કરવામાં આવે છે કે, દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં દાવા અરજીનો આખરી નિર્ણય કરવામાં ના આવે ત્યાં સુધી કોઈ પણ રીતે જાતે કે, અન્ય કોઈ મારફતે રેવન્યુ રેકર્ડમાં નામ ફેર કરવા કરાવવા કોઈ કાર્યવાહી કરવી નહી તથા વાદગ્રસ્ત જગ્યામાં આવેલ વાદીના કબજા ભોગવટામાં જાતે કે ત્રાહીત મારફતે અડચણ અટકાયત કરવી કરાવવી નહી.

- વાદીએ વાદગ્રસ્ત જમીનની યથાવત પરિસ્થીતી દાવા અરજી નો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ, આજ તા.૦૮, માહે–મે, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : બાકોર.
તારીખ : ૦૮/૦૫/૨૦૨૫.

(શમા જાવેદહુસેન મેમણ)
પ્રિન્સીપાલ સીવીલ જજ.
બાકોર, તા. ખાનપુર.
(કોડ નં. જી.જે. ૦૧૩૫૩)

પ્રિન્સીપાલ સીવીલ જજ.,મુ.બાકોર,તા. ખાનપુર.